ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



કાઉન્ટ-ડાઉન - પાટનગરના પ્રાંગણમાં સોમવારે વિજય મુહૂર્તમાં ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નવી સરકાર શાસનની ધૂરા સંભાળવા જઈ રહી છે ત્યારે શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઐતિહાસિક જીત બાદ હાલમાં શપથવિધિની ભવ્ય તૈયારીઓ ચાલી રહી છે. નવા સચિવાલય સ્થિત હેલીપેડ ખાતે યોજાનાર શપથવિધિ સમારોહ માટે સ્ટેજ અને નવા બે ડોમ બનાવવામાં આવી રહ્યા છે. શપથવિધિમાં વડાપ્રધાન સહિત અન્ય મહેમાનો આવવાના હોવાથી ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત પણ કરવામાં આવી રહ્યો છે. ૧૦ હજારથી વધુ આમંત્રિતો બેસી શકે તેવા ડોમ ઉભા કરાઈ રહ્યા છે. જેમાં ૩ મુખ્ય સ્ટેજ બનાવાયા છે. એક પર શપથવિધિ કાર્યક્રમ, બીજા સ્ટેજ પર સાધુ-સંતો અને ત્રીજા મંચ પર દેશના કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓને સ્થાન અપાશે.

# આજે ભૂપેન્દ્ર પટેલ બીજી વખત મુખ્યમંત્રીના શપથ લેશે

**સંભવિત મંત્રીઓમાં શંકરભાઈ ચૌધરી, હર્ષ સંઘવી, જીતુભાઈ વાઘાણી, રમણલાલ વોરા, ગણપત વસાવા, રાઘવજી પટેલ, અલ્પેશ ઠાકોર સહિત ૨૪ નામોની ગાંધીનગરમાં ભારે ચર્ચા : ૨૦૧૭માં પહેલીવાર ઘાટલોડિયાથી બન્યા હતા ધારાસભ્ય : ભૂપેન્દ્ર પટેલ પહેલા એવા પાટીદાર નેતા છે કે જેઓ બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે**

ગાંધીનગર, તા.૧૧

સોમવારે બપોરે વિજય મુહૂર્તમાં ભવ્યાતિભવ્ય શપથવિધિ સમારોહ યોજાનાર છે. જેમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ ઉપરાંત ૨૪ મંત્રીઓ શપથ ગ્રહણ કરે એવી સંભાવના વર્તાય છે. જેમાં ૧૧ કેબિનટ મંત્રીઓ અને ૧૪ રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ થઈ શકે છે.

ભાજપના વર્તુળોમાં ચર્ચાતા નામોમાં શંકરભાઈ ચૌધરી, કિરીટ પટેલ, રમણલાલ વોરા, જીતુભાઈ વાઘાણી, કિરીટસિંહ રાણા, રમેશભાઈ તિલાલા, હર્ષ સંઘવી, ગણપતભાઈ વસાવા, અલ્પેશ ઠાકોર સહિતના નામો ચર્ચામાં છે. જોકે આખો દિવસ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના ત્યાં ચૂંટાયેલા ધારાસભ્યો સતત અવરજવર કરતા હતા અને પોતપોતાના જીલ્લાના પ્રતિનિધિત્વ માટે રજૂઆત કરતા હતા.

ગુજરાતમાં ભાજપની પ્રચંડ જીત બાદ સોમવારે બપોરે ભૂપેન્દ્ર પટેલ બીજી વખત રાજ્યના મુખ્યમંત્રીના શપથ લેશે. મુખ્યમંત્રી પદની બીજી શપથ દરમિયાન ભૂપેન્દ્ર પટેલ રાજ્યના રાજકારણમાં એક નવો ઈતિહાસ રચી દેશે. તેઓ પહેલા એવા પાટીદાર નેતા છે કે જેઓ બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. હજુ સુધી આવી તક કોઈ પાટીદાર નેતાને મળી નથી. ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ૩સ પદના શપથ લેશે અને એક નવો કિર્તિમાન બનશે. ભૂપેન્દ્ર પટેલ પોતાના રાજકીય ગુરુ આનંદીબેન પટેલ કરતા આગળ નીકળી ગયા છે. રાજ્યમાં લાંબા સમય સુધી સક્રીય રહેલા આનંદીબેન પટેલ માત્ર એકવાર મુખ્યમંત્રી બન્યા, જ્યારે તેમના નીકટના ગણાતા ભૂપેન્દ્ર પટેલ બીજી વખત રાજ્યની સત્તા સંભાળશે. ગુજરાતમાં આનંદીબેન પટેલ મળીને રાજ્યને કુલ ૫ પાટીદાર મુખ્યમંત્રી બનશે. રાજ્યમાં સૌથી પહેલા પાટીદાર મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ બન્યા હતા, નાના સરદાર તરીકે જાણીતા ચિમનભાઈ પટેલને નર્મદાના નાયક પણ કહેવામાં આવે છે. ચિમનભાઈ પછી બાબુભાઈ પટેલ ગુજરાતના પાટીદાર મુખ્યમંત્રી બન્યા. જે પછી ફરી ચિમનભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા, જોકે, મુખ્યમંત્રી હતા ત્યારે જ તેમનું હાર્ટ અટેકથી મોત થઈ ગયું હતું. આ પછી મુખ્યમંત્રી બનવાનું ગૌરવ કેશુભાઈ પટેલના શીરે આવ્યું હતું. આ પછી વડાપ્રધાન મોદી વડાપ્રધાન બનતા આનંદીબેનને મુખ્યમંત્રીની જવાબદારી સોંપવામાં આવી હતી. જોકે, તેઓ પોતાનો કાર્યકાળ પૂર્ણ કરી શક્યા નહોતા. ભૂપેન્દ્ર પટેલ પાંચમો પાટીદાર ચહેરો છે કે જેમને મુખ્યમંત્રી બનવાની તક મળી હતી, હવે સતત બીજી વખત તેઓ શપથ લેવા જઈ રહ્યા છે.

## પાટનગરમાં ચર્ચા : નવી સરકારમાં ગાંધીનગરને પ્રતિનિધિત્વ મળશે??

**ગાંધીનગર જિલ્લાની તમામ બેઠકો ભાજપને ફાળે ગઈ હોવાથી મંત્રીમંડળમાં સ્થાન મળવાના સંજોગો ઉજળા પરંતુ પસંદગીનો કળશ કોના પર ઢોળાશે?**

ગાંધીનગર તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં જવલંત વિજય બાદ ફરી એકવાર ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ભાજપ સરકાર રચાવા જઈ રહી છે અને સોમવારે મુખ્યમંત્રી સહિત કેટલાક મંત્રીઓનો શપથવિધિ સમારોહ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશના અનેક મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ સહિતના મહાનુભાવોની હાજરીમાં યોજાશે. જોકે પદમાનીત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની નવી સરકારમાં મંત્રીમંડળમાં કોનો કોનો સમાવેશ થશે તે અંગે ભારે અટકળો ચાલી રહી છે. આ મંત્રીમંડળમાં ગાધીનગર જિલ્લાને પ્રતિનિધિત્વ પ્રાપ્ત થશે કે કેમ અને જો પ્રતિનિધિત્વ મળશે તો કોને સ્થાન મળશે તે અંગે પણ ચર્ચાઓએ પાટનગરમાં જોર પકડ્યું છે.



ગાંધીનગર જિલ્લામાં પહેલીવાર વિધાનસભાની ચૂંટણીઓમાં પાંચે પાંચ બેઠક ભાજપને પ્રાપ્ત થવા પામે છે ત્યારે નવી સરકારના મંત્રીમંડળમાં ગાંધીનગરને પ્રતિનિધિત્વ મળવું જોઈએ તેવી જનતામાં અપેક્ષા હોય તે સ્વાભાવિક છે. ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી જીતેલા અલ્પેશ ઠાકોરના પ્રચાર દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મતદારોને અપીલ કરતાં કહ્યું હતું કે "અલ્પેશ ઠાકોરને જીતાડીને મોકલજો કેમકે મારે તેમને કેબિનેટ મંત્રી બનાવવા છે" એવી વાતો પ્રજામાં ચર્ચા કરી છે અને જેના આધારે અલ્પેશ ઠાકોરને મંત્રી પદ મળવું નિશ્ચિત છે તેવું માનવામાં આવી રહ્યું છે. બીજી તરફ ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક જે કેન્દ્રીય ગ્રુહ મંત્રી અમિત શાહના

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ૨૦મી બાદ યોજવા વિચારણા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ૨૦મી પછી યોજવા માટેના ચક્રો ગતિમાન થયા છે.

જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા માટે ચૂંટણીપંચને દરખાસ્ત મોકલવામાં આવી હતી પરંતુ આચારસંહિતા પુર્ણ થયા બાદ યોજવામાં આવે તેવો સંકેત પંચ તરફથી તંત્રને મળ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ ઉઠાવી લેવામાં આવ્યો હોવાનું પંચે જણાવતાં જ હવે તંત્ર દ્વારા જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા યોજવા માટેના ચંક્રો ગતિમાન થયા છે.

પંચાયતની આ ખાસ સામાન્ય સભામાં ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરે આપેલા રાજીનામાને પગલે બોલાવવામાં આવી રહી છે. આ ખાસ સામાન્ય સભામાં તેને મંજૂરી માટે રજુ કરવામાં આવશે. આ પછી વિકાસ કમિશનર પાસે મોકલી નવા પ્રમુખની ચૂંટણી માટે તારીખ માંગવામાં આવશે.

પંચાયતની મુદત પણ ફેબ્રુઆરીમાં પૂર્ણ થઈ રહી હોવાથી નવા પ્રમુખની વરણી કરાશે કે પછી વહીવટદારની નિયુક્તી કરવામાં આવે છે તેને લઈ રાજકીય વર્તુળોમાં અનેક તર્કવિતર્ક સાથે ચર્ચાઓ ચાલી રહી છે.

ઓક્ટો. માસમાં ગોપાળજી ઠાકોરે રાજીનામુ આપ્યુ હતુ પરંતુ તે રાજીનામાને હજુ મંજૂરીની મહોર સામાન્ય સભાએ મારી નથી. તાલુકા પંચાયતમાં હાલ કોંગ્રેસ પક્ષ પાસે સત્તા છે. તાલુકા પંચાયતની ચૂંટણી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જાહેર થશે તેવી શક્યતાઓને લઈ હાલ તાલુકાનું રાજકારણ ગરમાયેલુ જોવા મળી રહ્યુ છે.

## શપથવિધિને પગલે સચિવાલયની વાહન-પાર્કિંગ વ્યવસ્થામાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૧

આજે હેલિપેડ ખાતે યોજાનાર મુખ્યમંત્રીના શપથવિધિ સમારોહને લઈ સચિવાલયની વાહન-પાર્કિંગ વ્યવસ્થામાં ફેરફાર કરતા હુકમો વહીવટ વિભાગે જારી કર્યા છે.

સલામતિ અને વ્યવસ્થાના ભાગરૂપે તા. ૧૨-૧૨-૨૦૨૨ના રોજ નવા સચિવાલય સંકુલ સ્થિત બ્લોક નં. ૧ થી ૧૪ ના તમામ વિભાગો અને અન્ય કચેરીઓ તેમજ સ્વર્ણિમ સંકુલ-૧ તથા ૨ માં ફરજ બજાવતા વર્ગ-૧ થી ૪ ના તમામ અધિકારીઓ/કર્મચારીઓએ પોતાના સરકારી તથા ખાનગી વાહનો એક દિવસ પુરતા સચિવાલય બ્લોક નં. ૨ તથા બ્લોક નં. ૭ સામે આવેલ પાર્કિંગમાં જ પાર્ક કરવાના રહેશે.

સચિવાલય સંકુલમાં આવેલ હેલિપેડ પર શપથવિધિ માટેનો શમિયાણો ઉભો કરવામાં આવ્યો હોવાથી અને આ સમારોહમાં વી.વી.આઈ.પી. સહિતના મહેમાનો હાજર રહેનાર હોવાથી પાર્કિંગની વ્યવસ્થામાં આ ફેરફાર કરવામાં આવ્યો છે.

## ગાંધીનગરને જોડતા માર્ગો પર ટ્રાફિકજામના પ્રશ્નો વધ્યા

**લગ્નની મોસમ પુરબહાર ખીલી હોવાથી ઠેર ઠેર ટ્રાફીક જામ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી હોવાથી ટ્રાફિકના પ્રશ્નો વધી ગયા હતા. પેથાપુર ચાર રસ્તાથી લઈ છેક અમદાવાદ માર્ગ પર ઠેર ઠેર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા.

ગાંધીનગર શહેરમાં આજે મોટી સંખ્યામાં લગ્નો હોવાથી ગાંધીનગરના તમામ પાર્ટી પ્લોટ અને રંગમંચો હાઉસફૂલ હતા. અને શહેરમાં ટ્રાફિકનું ભારણ પણ વધારે હતુ. પેથાપુર ચાર રસ્તાથી લઈ અમદાવાદ એસજી હાઈવેના જોડતા તમામ માર્ગો પર આજે ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા અને સાંજના સુમારે આ ટ્રાફિકમાં ભારેખમ વધારો થયો હતો. ઘ-રોડ પર પણ ટ્રાફિક ખૂબ વધી ગયો હતો અને ટ્રાફિકજામના દશ્યોથી વાહનચાલકો પણ ક્યારે નિકળીશુ એવી રીતે મુંજાયા હતા.

ગાંધીનગરમાં ચ-રોડ પર મેટ્રોરેલનું કામ ચાલુ હોવાને કારણે ઘ-રોડ પર ટ્રાફિકનું ભારણ વધેલુ છે અને એમાંય આજે આ લગ્નસરાની મોસમને પગલે ટ્રાફિકના ભારણમાં વધારો થતાં ટ્રાફિક જામના દશ્યો ગાંધીનગમરાં જોવા મળ્યા હતા.

## જિલ્લામાં રવિ સીઝનનું ૮૯ ટકા વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ

**ઘઉં, ચણા, તમાકુ, બટાટા અને શાકભાજીના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળી રહ્યો છે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૮૯ ટકા વિસ્તારમાં સંપન્ન થયુ છે. જિલ્લામાં સરેરાશ ૭૫ હજાર હેક્ટરમાં રવિ સીજનનું વાવેતર નોંધાતુ રહ્યુ છે. આજ સુધીમાં ૬૭,૫૬૨ હેક્ટરમાં આ વાવેતર સંપન્ન થયુ છે.

રવિ સીજનની વાવણી માટે વાતાવરણ હાલ સાનુકૂળ હોઈ ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘઉંનું વાવેતર જે ધીમી ગતિએ ચાલતુ હતુ તેમાં ગતિ આવી છે.

જિલ્લામાં ચોમાસામાં વરસાદની ઘટ પછી હાલ જે રીતે ઠંડીનો માહોલ જામ્યો છે તેથી ઠંડીના દિવસો વધશે અને ઉત્પાદન સારૂ થશે તેવી આશા સાથે જિલ્લામાં રવિ સીઝનની વાવણીમાં વેગ આવ્યો છે. ૨૦મી ડિસેમ્બર સુધીમાં વાવણી સંપન્ન થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં રવિ સીઝનમાં આ વખતે ખેડૂતોએ પરંપરાગત પાકના વાવેતર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જિલ્લામાં ઘઉં, ચણા, તમાકુ અને બટાટા તેમજ રાઈના પાકમાં વાવેતર વધુ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઘઉંનું વાવેતર ૨૩,૭૪૩ હેક્ટરમાં નોંધાયુ છે. સૌથી વધુ વાવેતર ગાંધીનગર તાલુકામાં નોંધાયુ છે જે અંદાજે ૮૯૦૦ હેક્ટર જેટલુ થવા જાય છે.

જિલ્લામાં ચણાનું વાવેતર દહેગામ અને માણસા તાલુકામાં વધારે થયુ છે. જ્યારે સૌથી ઓછુ વાવેતર કલોલમાં નોંધાયુ છે. ચણાનું વાવેતર ૯૭૦ હેક્ટરમાં નોંધાયુ છે.

રાઈનું વાવેતર પણ જિલ્લામાં ૧૫૦૦ હેક્ટરથી વધુ થયુ છે. માણસા, ગાંધીનગર અને કલોલમાં આ પાકનો વાવેતર વિસ્તાર વધ્યો છે.

જિલ્લામાં આ વખતે તમાકુનું વાવેતર માણસા પંથકમાં વિક્રમી થયુ છે. માણસામાં ૨૬૦૦ હેક્ટરથી પણ વધુ વિસ્તારમાં તમાકુનું વાવેતર થયાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૩૧૪૦ હેક્ટરમાં તમાકુનું વાવેતર થયું છે.

ફેર રોપણીના પાક વરિયાળીનું વાવેતર ૬૪૬ હેક્ટરમાં નોંધાયુ છે તો શાકભાજીનો રાજા ગણાતા બટાટાનું વાવેતર ૧૨,૯૭૩ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં ગત વર્ષે ૧૩ હજાર હેક્ટરમાં આ વાવેતર થયુ હતુ. આ વખતે બટાટાના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. દહેગામ-ગાંધીનગર અનો માણસામાં બટાટાનું વાવેતર કોન્ટ્રેક્ટ ફાર્મિંગ અંતર્ગત વધુ થયુ છે. રોકડિયા પાક તરીકે જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર પણ સારૂ નોંધાયુ છે. જિલ્લામાં ૭૫૦૦ હેક્ટરમાં આ વાવેતર નોંધાયુ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં દહેગામ, ગાંધીનગર અને માણસામાં સારૂ વાવેતર નોધાયુ છે.

મુંગા પશુધન માટે જિલ્લામાં ૧૭,૧૦૭ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. આગામી દિવસોમાં દહેગામ, માણસા અને કલોલમાં વાવેતર વધશે તેવા સંકેતો ખેડૂતોમાંથી મળી રહ્યા છે.

## મેટ્રોની કામગીરીને પગલે 'ચ' માર્ગ પર ડાયવર્ઝનના બોર્ડ લાગ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ચ-રોડ માર્ગ પર મેટ્રોરેલના ચાલી રહેલા કામને લઈ માર્ગ બંધ કરાયા પછી આજે 'ચ' રોડ પર રોડ ડાયવર્ઝનના સાઈન બોર્ડ અને માર્ગદર્શન બોર્ડ તંત્ર દ્વારા લગાવવામાં આવ્યા છે.

ગાંધીનગર ચ-રોડ પર ૭-૮ના બસસ્ટેન્ડ નજીક મેટ્રો રેલના સ્ટેશનનું કામ ચાલી રહ્યુ હોઈ આ માર્ગ આગામી નવ મહિના માટે બંધ કરવામાં આવેલ છે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયા પછી વી.આઈ.પી. મુવમેન્ટને લઈ જાહેરનામાનો અમલ મોડેથી શરૂ કરાયો હતો. હવે સેક્ટરોના આંતરિક માર્ગો પર વધતા જતા ટ્રાફિકના ભારણને લઈ અને વસાહતીઓની માંગણીને ધ્યાને રાખી તંત્રએ ડાયવર્ઝન અને માર્ગદર્શક માર્ગની સૂચનાઓ આપતા બોર્ડ ચ-રોડ પર લગાવવામાં આવ્યા છે. 'ઘ' રોડ પર પણ ટ્રાફિકનું ભારણ વધવા પામ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

LED TV રીપેરીંગ
Sony, SAMSUNG, LG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com